પ્રશ્નપુસ્તિકા સીરીઝ

# A

**This Question Booklet Contains 24 Printed Pages**

ઉમેદવારનો બેઠક નંબર: **Roll no:**

| | |
|---|---|
| સમય : 2 કલાક | Time : 2 Hours |
| કુલ પ્રશ્નો : 100 | Total Questions : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

**સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં**

## ઉમેદવારોને સૂચના :

(1) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેમના માટે વિકલ્પ E OMR ઉત્તરપત્રમાં આપેલ છે. તમારે બધાજ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. તમારે આ સાથે **અલગ OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.**

**ઉદાહરણ તરીકે :**

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) સુભાષચંદ્ર બોઝ

(C) મહાત્મા ગાંધી (D) વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET)માં**

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "C" છે. આથી "C" નું વર્તુળ કાળું (encode) કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ડાર્ક કરવા બાબતની સૂચના OMRની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

(2) 1 થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવાર ગેરલાયક ઠેરાવવામાં આવશે તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી ગુનાને પણ પાત્ર બનશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) ઉમેદવારે પોતાના બેઠક નંબરની પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે. તેમજ બેઠક નંબર નીચે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપત્રની સીરીઝ નિયત જગ્યાએ લખીને તેની નીચે તે સીરીઝ સામે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાનું રહેશે. લખેલી વિગતો અને ડાર્ક (encode) કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

(5) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ તથા છેકછાક, OMRની પાછળ જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી, એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ 0.25 માઈનસ ગુણ કાપવામાં આવશે. પરંતુ જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ડાર્ક કરશે તો 0.25 ગુણ કાપવામાં આવશે નહીં.

(ii) આન્સર કી ફાઈનલ કરતી વખતે જો મંડળ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે ત્યારે સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (1) ગુણ મળવાપાત્ર થશે.

(6) OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) **OMR ઉત્તરપત્રના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. ઉમેદવારની સહી વિનાની OMR ઉત્તરપત્રવાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.**

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે. તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા પણ પગલાં લેવાશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. તેમજ પગલા લેવાશે.

(10) ઉમેદવારે વાદળી / કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે :**

(સાચા જવાબની સંખ્યા × 1 – {(ખોટા જવાબની સંખ્યા × 0.25) + (ખાલી છોડેલ જવાબની સંખ્યા × 0.25) + (છેકછાક કે એક કરતા વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની × 0.25)} = ઉમેદવારને પ્રાપ્ત થતાં ગુણ

**પરીક્ષા પૂરી થયા બાદ OMR ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને સોંપ્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મૂકવા તથા ફોજદારી પગલા લેવાને પણ પાત્ર થશે.**

001. એક વ્યક્તિ 6 લાખ રૂપિયા પોતાના 4 સંતાનોને વહેંચે છે. સૌથી મોટા દીકરાને 1/6 ભાગ આપે છે. બીજા નંબરના દીકરાને 1/4 ભાગ આપે છે. ત્રીજા નંબરના દીકરાને 1/2 ભાગ આપે છે તો ચોથા દીકરાને કેટલા રૂપિયા મળશે ? **ANSWER-C**

(A) 1,50,000 રૂા.
(B) 1,00,000 રૂા.
(C) 50,000 રૂા.
(D) ઉપરમાંથી એકપણ નહીં

002. રાજ્યો અને સત્તાધારી મુખ્ય રાજકીય પક્ષના નીચેના જોડકાંને ધ્યાને લો : **ANSWER-B**

| રાજ્ય | મુખ્ય સત્તાધારી રાજકીય પક્ષ |
|---|---|
| (1) રાજસ્થાન | – ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| (2) તમિલનાડુ | – અખિલ ભારતીય અન્ના દ્રમુક |
| (3) પશ્ચિમ બંગાળ | – તૃણમૂલ કોંગ્રેસ |
| (4) કર્ણાટકા | – ભારતીય જનતા પક્ષ |

ઉપરના જોડકાં પૈકી કયાં સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

003. મહાજનપદ અને તેની રાજધાની વિશે નીચેના જોડકાં ધ્યાને લો. **ANSWER-D**

(1) મગધ – રાજગૃહ
(2) મલ્લ – કુશીનારા
(3) મલ્લ – પાવા
(4) અવંતિ – ઉજ્જયિની
(5) ગંધાર – તક્ષશિલા

નીચેનામાંથી કયો જવાબ સાચો છે ?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 2, 4 અને 5
(C) ફક્ત 1, 3, 4 અને 5
(D) 1, 2, 3, 4 અને 5

004. ભારતની સ્વતંત્રતાની ચળવળમાં વિદેશમાં ક્રાંતિ પ્રવૃત્તિ સાથે સંકળાએલા નેતાઓમાં કોનો સમાવેશ થાય છે ? **ANSWER-A**

(1) શ્યામજી કૃષ્ણ વર્મા
(2) મેડમ ભિખાઈજી કામા
(3) વીર સાવરકર
(4) ગોપાલકૃષ્ણ ગોખલે

નીચેના પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4



PariksaPath

005. 2011ની વસ્તી ગણતરી સંબંધે ભારતમાં નીચેના રાજ્ય ધ્યાને લો : **ANSWER-D**

(1) ઉત્તર પ્રદેશ
(2) બિહાર
(3) પશ્ચિમ બંગાળ
(4) કેરળ

વસ્તી ઘનતાને આધારે આ રાજ્યોને ઉતરતા ક્રમમાં ગોઠવતાં નીચેના પૈકી કયો ક્રમ સાચો છે ?

(A) 1, 2, 4, 3
(B) 4, 1, 2, 3
(C) 1, 2, 3, 4
(D) 2, 3, 4, 1

006. જાહેર હિતની અરજી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો : **ANSWER-B**

(1) જાહેર હિતની અરજી એ જ વ્યક્તિ કરી શકે જેના હિતને અસર થયેલ હોય.
(2) જાહેર હિતની અરજીમાં વ્યક્તિની અંગત હિતની નહીં સમાજના હિતનો હેતુ હોય.
(3) જાહેર હિતની અરજી કોઈપણ વ્યક્તિ કરી શકે છે.
(4) જાહેર હિતની બિનજરૂરી કે અયોગ્ય અરજી કરનારને અદાલત દંડ કરી શકે છે.

ઉપરનાં વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 3 અને 4
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2, 3 અને 4

007. ચૂંટણી અંગે નીચેના વિધાનો ધ્યાને લો : **ANSWER-C**

(1) મુખ્ય ચૂંટણી પંચ લોકસભાની ચૂંટણી કરે છે.
(2) મુખ્ય ચૂંટણી પંચ રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી કરે છે.
(3) રાજ્ય ચૂંટણી પંચ વિધાનસભાની ચૂંટણી કરે છે.
(4) રાજ્ય ચૂંટણી પંચ પંચાયતોની ચૂંટણી કરે છે.

ઉપરના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

008. ભારતની નદીઓ વિશે નીચેના વિધાનો ધ્યાને લો : **QUESTION CANCELLED**

(1) ગંગા નદી ગંગોત્રી હિમપ્રવાહ (ગ્લેશિયર)થી નીકળે છે.
(2) નર્મદા નદી અમરકંટકથી નીકળે છે.
(3) ગંગા નદી હિન્દ મહાસાગરને મળે છે.
(4) નર્મદા નદી અરબી સમુદ્રમાં મળે છે.

ઉપરનાં પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

009. ડેન્ગ્યુ શાનાથી ફેલાય છે ? ANSWER-D

(1) માખી

(2) માદા એનોફિલિસ મચ્છર

(3) માદા એડિસ મચ્છર

(4) પ્લાઝમોડિયમ

નીચેનામાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 2 અને 4

(D) ફક્ત 3

010. રોગના કારક વિશે નીચેના વિધાનો ધ્યાને લો : ANSWER-A

(1) શરદી બેક્ટેરીયાથી થાય છે.

(2) મેલેરીયા પ્રજીવથી થાય છે.

(3) ક્ષય બેક્ટેરીયાથી થાય છે.

ઉપરના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં નથી ?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 2 અને 3

(D) ફક્ત 1 અને 3

011. રામ ઉત્તરમાં 7 કિ.મી. ચાલે છે. ત્યાંથી તે પૂર્વમાં 5 કિ.મી. ચાલે છે. ત્યાંથી દક્ષિણમાં 3 કિ.મી. ચાલે છે. ત્યાંથી પશ્ચિમમાં 5 કિ.મી. ચાલે છે. તો તેના શરૂઆતના બિંદુથી કેટલા કિ.મી. દૂર હશે ? ANSWER-B

(A) 3 કિ.મી.

(B) 4 કિ.મી.

(C) 5 કિ.મી.

(D) ઉપરમાંથી એકપણ નહીં

012. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હૅરીસ અંગે નીચેના વિધાનો ધ્યાને લો : ANSWER-C

(1) તેઓ ભારતીય નાગરિક છે.

(2) તેઓ ભારતીય મૂળના અમેરિકન નાગરિક છે.

(3) તેમનાં માતા ભારતીય મૂળના છે.

(4) તેમના પિતા ભારતીય મૂળના છે.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 3 અને 4

(C) ફક્ત 2 અને 3

(D) ફક્ત 2, 3 અને 4



[Contd.

013. નીચેના રાજાઓના નામો ધ્યાને લો : **ANSWER-D**

(1) ચંદ્રગુપ્ત મૌર્ય

(2) ચંદ્રગુપ્ત

(3) બિંબિસાર

(4) બિંદુસાર

(5) અશોક

કાળક્રમ મુજબ ગોઠવતાં નીચેના પૈકી કયો જવાબ સાચો છે ?

(A) 1, 2, 4, 5, 3
(B) 2, 1, 5, 4, 3
(C) 1, 2, 3, 4, 5
(D) 3, 1, 4, 5, 2

014. ભગવાન બુધ્ધ વિશેના નીચેના વિધાનો ધ્યાને લો : **ANSWER-A**

(1) તેમનો જન્મ કપિલવસ્તુમાં થયો હતો.

(2) બોધ ગયામાં તેમને બોધિ પ્રાપ્ત થઈ.

(3) સારનાથમાં તેમણે પ્રથમ ધર્મ પ્રવચન આપ્યું.

(4) પાવાપુરીમાં તેમણે નિર્વાણ પ્રાપ્ત કર્યું.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

015. કયા પ્રકારની ખેતીમાં વૃક્ષોને કાપીને કે સળગાવીને કે જમીન સાફ કરીને ખેતી કરવામાં આવે છે ? **ANSWER-B**

(A) સઘન ખેતી
(B) સ્થળાંતરિત ખેતી (ઝુમ ખેતી)
(C) આર્દ્ર ખેતી
(D) સૂકી ખેતી

016. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલ માનવ અધિકારોની ઘોષણામાં નીચેના પૈકી કયા અધિકારોનો સમાવેશ થાય છે ? **ANSWER-D**

(1) પર્યાપ્ત ખોરાક, રહેઠાણ, પાણી અને સ્વચ્છતાનો અધિકાર

(2) કામ કરવાનો અને વેતન મેળવવાનો અધિકાર

(3) શિક્ષણ મેળવવાનો અધિકાર

(4) સંપત્તિનો અધિકાર

નીચેના પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

017. ભારતમાં સંસદીય લોકતંત્ર વ્યવસ્થા છે જેમાં કેન્દ્રીય મંત્રીમંડળ કોને જવાબદાર હોય છે ? **ANSWER-A**

(A) લોકસભાને
(B) રાજ્ય સભાને
(C) વિધાનસભાને
(D) રાષ્ટ્રપતિને

018. સરદાર પટેલ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો : **ANSWER-A**

(1) સરદાર પટેલનો જન્મ કરમસદમાં થયો હતો.

(2) ખેડા સત્યાગ્રહથી તેઓ સરદાર તરીકે ઓળખાયા.

(3) તેઓ દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન હતા.

(4) તેઓ ભારતના બિસ્માર્ક તરીકે ઓળખાય છે.

ઉપરનાં પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 3 અને 4
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

019. ગ્રહો વચ્ચેનું અંતર માપવા કયા એકમનો ઉપયોગ થાય છે ? **ANSWER- B OR C**

(A) મીટર
(B) કિલોમીટર
(C) માઈલ
(D) પ્રકાશ વર્ષ

020. નીચેના વિધાનો ધ્યાને લો : **ANSWER-B**

(1) બેક્ટેરીયા નાઈટ્રોજન સ્થાપનનું કામ કરે છે.

(2) વાયરસ દહીં બનાવવામાં ઉપયોગી છે.

(3) યીસ્ટ આથો લાવવામાં મદદ કરે છે.

ઉપરના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં નથી ?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 3
(D) ફક્ત 1 અને 3

021. 1000 લિટર પાણી ભરેલી ટાંકીમાં 15 લિટર પ્રતિ મિનિટના દરે પાણી ખાલી કરવામાં આવે છે અને 10 લિટર પ્રતિ મિનિટના દરે પાણી ભરવામાં આવે છે તો ટાંકી કેટલા સમયમાં ખાલી થઈ જશે ? **ANSWER-C**

(A) 3 કલાક
(B) 3 કલાક 10 મિનિટ
(C) 3 કલાક 20 મિનિટ
(D) ઉપરમાંથી એકપણ નહીં

022. યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ અંતર્ગત COP-26 બેઠકનું આયોજન જે શહેરમાં કરવામાં આવ્યું તે ગ્લાસગો શહેર કયા દેશમાં આવેલું છે ? **ANSWER-B**

(A) યુ.એસ.એ.
(B) યુ.કે.
(C) જર્મની
(D) ફ્રાન્સ



PariksaPath

023. ભારતમાં મધ્યકાળમાં નીચે પૈકી કઈ યુરોપિયન પ્રજાનું આગમન થયું ? ANSWER-D

(1) અંગ્રેજો

(2) ફ્રેન્ચ

(3) વલંદાઓ

(4) ફિરંગીઓ

(5) ડેનિશ પ્રજા

નીચેનામાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1, 2, 4 અને 5

(B) ફક્ત 1, 2, 3 અને 5

(C) ફક્ત 1, 2, 3 અને 4

(D) 1, 2, 3, 4 અને 5

024. સિંધુ ખીણની સંસ્કૃતિ વિશે નીચેના વિધાનો ધ્યાને લો : ANSWER-B

(1) આ સંસ્કૃતિના અવશેષો સૌ પ્રથમ મોહેં-જો-દડોમાંથી મળી આવેલ.

(2) લોથલ સિંધુ ખીણની સંસ્કૃતિનું બંદર હતું.

(3) આ સંસ્કૃતિનું પુરાતત્વીય સ્થળ ધોળાવીરા ગુજરાતમાં આવેલું છે.

(4) મોહેં-જો-દડો પાકિસ્તાનમાં આવેલું છે.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

025. પાછા ફરતા મોસમી પવનો કયા રાજ્ય / રાજ્યોમાં વરસાદ લાવે છે ? ANSWER- B OR C

(1) પંજાબ

(2) તમિલનાડુ

(3) આંધ્રપ્રદેશ

(4) કેરળ

નીચેના જવાબોમાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 2 અને 4

(D) 1, 2, 3 અને 4

026. ભારતમાં રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો : ANSWER-D

(1) સંસદ સભ્યો તથા વિધાન સભ્યો દ્વારા રાષ્ટ્રપતિની ચૂંટણી કરવામાં આવે છે.

(2) સંસદ સભ્યો દ્વારા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી કરવામાં આવે છે.

(3) રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી દર પાંચ વર્ષે કરવામાં આવે છે.

ઉપરના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3



PariksaPath

027. નીચેના પૈકી કઈ ચિત્ર શૈલી ગુજરાત સાથે સંકળાએલી છે ? ANSWER-D

(1) મધુબની ચિત્ર શૈલી

(2) કલમકારી ચિત્ર શૈલી

(3) વારલી ચિત્ર શૈલી

(4) પિઠોરા ચિત્ર શૈલી

નીચેનામાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 4

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 3 અને 4

028. બ્રિટીશ અમલ દરમિયાન પશ્ચિમની વિચારસરણીના કયાં તત્ત્વોનો ભારતમાં પ્રવેશ થયો ? ANSWER-D

(A) બિનસાંપ્રદાયિકતા (B) માનવતાવાદ

(C) સમાનતાવાદ (D) ઉપરોક્ત તમામ

029. પુનઃ અપ્રાપ્ય કુદરતી સંસાધન કયું છે ? ANSWER-D

(1) સૂર્ય પ્રકાશ

(2) હવા

(3) કુદરતી વાયુ

(4) અશ્મિ બળતણ

નીચેનામાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 3 અને 4

030. શહેરો અને તે જે રાજ્યમાં આવેલા છે તે રાજ્યોનાં નીચેનાં જોડકાં ધ્યાને લો : ANSWER-B

(1) મૈસૂર – કર્ણાટકા

(2) કન્યાકુમારી – કેરલ

(3) કોણાર્ક – આંધ્રપ્રદેશ

(4) મદુરાઈ – તમિલનાડુ

ઉપરના જોડકાં પૈકી કયાં જોડકાં સાચાં છે ?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 4

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 3 અને 4

031. આજે પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં 12 ઘણી છે. 20 વર્ષ પછી પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતાં 2 ઘણી થશે તો આજે પિતાની ઉંમર કેટલી હશે ? ANSWER-C

(A) 22 વર્ષ (B) 23 વર્ષ

(C) 24 વર્ષ (D) ઉપરમાંથી એકપણ નહીં

032. ટોકિયો ઓલિમ્પકમાં નિરજ ચોપડાએ કઈ રમતમાં સુવર્ણચંદ્રક જીત્યો ? **ANSWER-B**

(A) ગોળા ફેંક
(B) બરછી ફેંક
(C) ચક્ર ફેંક
(D) ઉંચી કૂદ

033. ભારતમાં અંગ્રેજોએ કઈ મહેસૂલ પદ્ધતિ અમલમાં મૂકી ? **ANSWER-C**

(1) કાયમી જમાબંધી
(2) રૈયતવારી
(3) મહાલવારી
(4) જપ્તી

નીચેનામાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 3
(D) ફક્ત 1, 2 અને 4

034. વેદો વિશે નીચેના વિધાનો ધ્યાને લો : **ANSWER-A**

(1) કુલ પાંચ વેદો છે.
(2) ઋગ્વેદ સૌથી પ્રાચીન ગ્રંથ છે.
(3) વેદો સંસ્કૃત ભાષામાં લખાએલા છે.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 2 અને 3
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

035. મેનગ્રુવ જંગલો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો : **ANSWER-C**

(1) આ પ્રકારનાં જંગલો સમુદ્રની ભરતીનાં ખારા પાણીમાં વિકસે છે.
(2) આ પ્રકારનાં જંગલો ગુજરાત અને પશ્ચિમ બંગાળ તથા આંદામાન અને નિકોબારનાં સમુદ્ર કિનારે જોવા મળે છે.
(3) ગુજરાતના આ પ્રકારના જંગલોમાં ચેરનાં વૃક્ષો જોવા મળે છે.
(4) આ પ્રકારનાં જંગલોનાં વૃક્ષો ખૂબ જ ઉંચા હોય છે.

ઉપરનાં વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

036. રચના અને રચયિતાના જોડકાં જોડો : **ANSWER-D**

| રચના | રચયિતા |
|---|---|
| P. કલ્હણ | 1. કથા સરિત સાગર |
| Q. જયદેવ | 2. રાજતરંગિણી |
| R. ચંદ બરડાઈ | 3. ગીત ગોવિંદ |
| S. સોમદેવ | 4. પૃથ્વીરાજ રાસો |

રચના સાથે તેના રચયિતાને જોડતાં નીચેના જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો :

(A) P - 2, Q - 3, R - 1, S - 4
(B) P - 2, Q - 1, R - 3, S - 4
(C) P - 4, Q - 3, R - 1, S - 2
(D) P - 2, Q - 3, R - 4, S - 1



PariksaPath

037. ગોવા મુક્તિ આંદોલન શાની સાથે સંકળાએલું છે ? **ANSWER-B**

(A) ભારતમાંથી અંગ્રેજી શાસન સમાપ્ત કરવા માટે

(B) ભારતમાંથી ફિરંગી સંસ્થાનો સમાપ્ત કરવા માટે

(C) ભારતમાંથી ફ્રેન્ચ સંસ્થાનો સમાપ્ત કરવા માટે

(D) ભારતમાંથી ડચ સંસ્થાનો સમાપ્ત કરવા માટે

038. પંચાયતી રાજ એટલે ........... **ANSWER-A**

(A) સત્તાનું વિકેન્દ્રીકરણ
(B) સત્તાનું કેન્દ્રીકરણ
(C) સત્તાવિહિનતા
(D) તટસ્થ સત્તા

039. શરીરનું સૌથી મોટુ અંગ કયું છે ? **ANSWER-D**

(A) ફેફસાં
(B) મોટુ આંતરડુ
(C) જઠર
(D) ચામડી

040. જોડકાં જોડો : **ANSWER-D**

| બંદર | રાજ્ય |
|---|---|
| P. કોચીન | 1. ઓરીસ્સા |
| Q. પારાદીપ | 2. આંધ્રપ્રદેશ |
| R. મેંગલોર | 3. કેરળ |
| S. વિશાખાપટ્ટનમ્ | 4. કર્ણાટક |

બંદર અને તે કયા રાજ્યમાં આવેલ છે તેના જોડકાં બનાવી નીચેના જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) P - 3, Q - 4, R - 1, S - 2
(B) P - 3, Q - 4, R - 2, S - 1
(C) P - 1, Q - 4, R - 2, S - 3
(D) P - 3, Q - 1, R - 4, S - 2

041. એક ક્રિકેટર 95 ટેસ્ટમાં સરેરાશ 75 રન કરે છે. તે પ્રથમ 30 ટેસ્ટમાં સરેરાશ 85 રન કરે છે અને બીજી 40 ટેસ્ટમાં સરેરાશ 75 રન કરે છે તો છેલ્લી 25 ટેસ્ટમાં તેણે સરેરાશ કેટલા રન કર્યા હશે ? **ANSWER-C**

(A) 55
(B) 58
(C) 63
(D) ઉપરમાંથી એકપણ નહીં

042. સવારે છ વાગ્યે સ્ટેશનથી ગાડી 'અ' 40 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ઉપડે છે. બપોરે 2 વાગ્યે ગાડી 'બ' આ જ સ્ટેશનથી 60 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે એ જ રેલ્વે ટ્રેક પર એ જ દિશામાં પ્રવાસ કરે છે. તો ગાડી 'બ' ગાડી 'અ' થી કયા સમયે આગળ થઈ જશે ? **ANSWER-C**

(A) રાત્રે 10 વાગ્યે
(B) સવારે 2 વાગ્યે
(C) સવારે 6 વાગ્યે
(D) ઉપરમાંથી એકપણ નહીં

043. G-7 દેશોમાં કયા દેશ/દેશોનો સમાવેશ થતો નથી ? ANSWER-A

(1) રશિયા
(2) ચીન
(3) જાપાન
(4) ઈટાલી

નીચેનામાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 4
(D) ફક્ત 2

044. નીચેના જોડકાં ધ્યાને લો : ANSWER-D

(1) રાજા રામ મોહનરાય – બ્રહ્મો સમાજ
(2) સ્વામી દયાનંદ સરસ્વતી – આર્ય સમાજ
(3) રવિન્દ્રનાથ ટાગોર – શાંતિનિકેતન
(4) મહાત્મા ગાંધી – ગુજરાત વિદ્યાપીઠ
(5) હરકુંવર શેઠાણી – છોડીઓની નિશાળ
(6) દુર્ગારામ મહેતાજી – માનવધર્મ સભા

ઉપરના પૈકી કયા જોડકાં સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 2, 3 અને 4
(C) ફક્ત 1, 2, 3, 4 અને 5
(D) 1, 2, 3, 4, 5 અને 6

045. ખનિજો અને તે જે રાજ્યમાં મળી આવે છે તે અંગે નીચેનાં જોડકાં ધ્યાને લો : ANSWER-D

(1) બોક્સાઈટ – ગુજરાત
(2) થોરિયમ – કેરળ
(3) તાંબુ – રાજસ્થાન
(4) સોનુ – કર્ણાટકા

ઉપરના જોડકાં પૈકી કયાં સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

046. ગુજરાતના ઈતિહાસ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો : ANSWER-A

(1) ગુજરાતમાં સોલંકી વંશની રાજધાની અણહિલવાડ પાટણ હતી.
(2) સોલંકી કાળમાં પાટણમાં રાણીની વાવ બંધાવવામાં આવી.
(3) શિહાબુદ્દીન ઘોરીએ ગુજરાત પર આક્રમણ કરી મૂળરાજ બીજાને હરાવેલ.
(4) વાઘેલા વંશના સમયમાં વસ્તુપાલ અને તેજપાલ મંત્રીઓ હતા.

ઉપરના વિધાનો પૈકી કયાં સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

047. ભારતમાં સરકારો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો : **ANSWER-A**

(1) વડાપ્રધાનની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.

(2) મુખ્યમંત્રીની નિમણૂક રાજ્યપાલ કરે છે.

(3) રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.

(4) રાષ્ટ્રપતિની નિમણૂક વડાપ્રધાન કરે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

048. બાયોગૅસ વિશે નીચેના વિધાનો ધ્યાને લો : **ANSWER-D**

(1) તેમાંથી નિંદણ મુક્ત જૈવિક ખાતર પ્રાપ્ત થાય છે.

(2) બાયોગૅસ સસ્તો અને ઉપયોગમાં સરળ છે.

(3) બાયોગૅસ રસોઈ બનાવવામાં ઉપયોગી છે.

ઉપરના પૈકી કયા વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

049. હિંદુ સમાજમાં જ્ઞાતિ કઈ વ્યવસ્થામાંથી ઉતરી આવી છે ? **ANSWER-A**

(A) વર્ણ (B) વર્ગ

(C) વર્ણ અને વર્ગ બંને (D) વર્ણ અને વર્ગ બંનેમાંથી એકપણ નહીં

050. નીચેની વિગતો ધ્યાને લો : **ANSWER-D**

(1) ઘન (2) પ્રવાહી (3) વાયુ

(4) પ્લાઝમા (5) બોઝ-આઈનસ્ટાઈન સંઘટકો

ઉપર પૈકી કઈ કઈ પદાર્થની અવસ્થાઓ છે ?

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2, 3 અને 4

(C) ફક્ત 1, 3, 4 અને 5 (D) 1, 2, 3, 4 અને 5

051. એક વેપારી 4000 રૂા.ની કિંમતનો માલ 10 ટકા ડીસ્કાઉન્ટ મેળવી ખરીદે છે. આ માલની ખરીદ કિંમત પર 10 ટકા જેટલો પરિવહન ખર્ચ કરી તેની દુકાને લાવે છે. આ માલમાંથી અડધો માલ તેની પડતર કિંમત ઉપર 10 ટકા નફો કરી અને બાકીનો માલ પડતર કિંમત પર 20 ટકા નફો કરી વેચે છે. તો તેણે માલ કઈ કિંમતમાં વેચ્યો હશે ? **ANSWER-B**

(A) 4444 રૂા. (B) 4554 રૂા.

(C) 4600 રૂા. (D) ઉપરમાંથી એકપણ નહીં

052. એક પશુપાલક પાસે તાજા જન્મેલા બકરીના 1000 માદા બચ્ચાં છે. દરેક માદા બકરી 2 વર્ષથી 8 વર્ષની ઉંમર સુધી દર 2 વર્ષે 1 માદા બચ્ચાને જન્મ આપે છે અને દરેક બકરીનું આયુષ્ય 13 વર્ષ છે તો પશુપાલક પાસે 12 વર્ષે કેટલી માદા બકરીઓ હશે ? **ANSWER-B**

(A) 54000 (B) 60000

(C) 62000 (D) ઉપરમાંથી એકપણ નહીં



[Contd.

PariksaPath

053. નીચેનામાંથી કોને 'ભારત રત્ન' મળેલ છે ? ANSWER-C

(1) મહાત્મા ગાંધી
(2) ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ
(3) સરદાર પટેલ
(4) અટલ બિહારી બાજપાઈ

નીચેનામાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

054. ગાંધીજી વિશે નીચેના વિધાનો ધ્યાને લો : ANSWER-C

(1) ગાંધીજી દક્ષિણ આફ્રિકા ભણવા ગયા હતા.
(2) ગાંધીજી 1915માં દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવ્યા.
(3) ગાંધીજીના ભારત પરત આવવાના દિવસને પ્રવાસી ભારતીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
(4) ગાંધીજીએ ચંપારણ સત્યાગ્રહમાં ભાગ લીધો હતો.

ઉપરના વિધાનો પૈકી કયા વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 4
(B) ફક્ત 1 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

055. નીચેના ઉર્જા સ્રોત ધ્યાને લો : ANSWER-B

(1) અશ્મિભૂત ઈંધણ
(2) ભૂતાપીય ઉર્જા
(3) ભરતી ઉર્જા
(4) સૌર ઉર્જા
(5) પવન ઉર્જા

ઉપરના ઉર્જા સ્રોત પૈકી કયાં સ્રોત બિનપરંપરાગત સ્રોત છે ?

(A) ફક્ત 1, 3, 4 અને 5
(B) ફક્ત 2, 3, 4 અને 5
(C) ફક્ત 1, 2, 4 અને 5
(D) 1, 2, 3, 4 અને 5

056. નીચે દર્શાવેલ કૃતિ અને રચયિતા ધ્યાને લો : ANSWER-C

| કૃતિ | રચયિતા |
|---|---|
| P. કબીર | 1. અભંગ |
| Q. તુલસીદાસ | 2. બીજક |
| R. તુકારામ | 3. વિનય પત્રિકા |
| S. ગુરૂ રામદાસ | 4. દાસબોધ |

કૃતિ સાથે તેના રચયિતાને જોડતાં નીચેના જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો :

(A) P - 2, Q - 3, R - 4, S - 1
(B) P - 3, Q - 2, R - 1, S - 4
(C) P - 2, Q - 3, R - 1, S - 4
(D) P - 2, Q - 1, R - 3, S - 4

057. 2022ના વર્ષમાં ગુજરાતમાં પદ્મ એવોર્ડ કોને કોને મળેલ છે ? ANSWER-D

(1) ડૉ. લતા દેસાઈ

(2) શ્રી સવજીભાઈ ધોળકીયા

(3) શ્રી ખલિલ ધનતેજવી

(4) શ્રી માલજીભાઈ દેસાઈ

નીચે પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

058. નૃત્ય અને તે કયા રાજ્યમાં પ્રચલનમાં છે તે અંગે નીચે આપેલ વિગતો ધ્યાને લો : ANSWER-C

| નૃત્ય | રાજ્ય |
|---|---|
| P. ભરતનાટ્યમ્ | 1. કેરલ |
| Q. કથક | 2. તમિલનાડુ |
| R. કથકલી | 3. ઉત્તર ભારત |
| S. કૂચીપુડી | 4. આંધ્રપ્રદેશ |

નૃત્ય અને રાજ્યનાં જોડકાં બનાવી નીચેના જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) P - 2, Q - 3, R - 4, S - 1
(B) P - 3, Q - 2, R - 1, S - 4
(C) P - 2, Q - 3, R - 1, S - 4
(D) P - 2, Q - 4, R - 3, S - 1

059. સર્વોચ્ચ અદાલત દ્વારા ભારતીય દંડ સંહિતાની કઈ કલમને ગેરબંધારણીય જાહેર કરવામાં આવેલ છે ? ANSWER-C

(A) કલમ 375
(B) કલમ 376
(C) કલમ 377
(D) કલમ 378

060. બાષ્પીભવનની ઝડપમાં કયાં પરિબળો ભાગ ભજવે છે ? ANSWER-D

(1) પ્રવાહીની મુક્ત સપાટીનું ક્ષેત્રફળ

(2) તાપમાન

(3) વાતાવરણમાં રહેલ ભેજ

(4) પવનની ઝડપ

નીચે પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

061. 22 સપ્ટેમ્બર, 2023ના રોજ કયો વાર હશે ? ANSWER-C

(A) બુધવાર
(B) ગુરૂવાર
(C) શુક્રવાર
(D) ઉપરમાંથી એકપણ નહીં



[Contd.

PariksaPath

062. નીચેના જોડકાં ધ્યાને લો : **ANSWER-A**

(1) આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ – 8 માર્ચ

(2) આંતરરાષ્ટ્રીય યોગ દિવસ – 21 જૂન

(3) આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ – 21 ફેબ્રુઆરી

(4) વિશ્વ પર્યાવરણ દિવસ – 5 જુલાઈ

ઉપર પૈકી કયાં જોડકાં સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

063. ભારતમાં રાજ્ય કરનાર નીચેના વંશ ધ્યાને લો : **ANSWER-D**

(1) મૌર્ય કાળ

(2) ગુપ્ત કાળ

(3) નંદ કાળ

(4) રાજપૂત કાળ

(5) હર્ષવર્ધન

કાળક્રમ મુજબ ગોઠવતાં નીચેના પૈકી કયો જવાબ સાચો છે ?

(A) 1, 2, 3, 4, 5 (B) 2, 1, 3, 4, 5

(C) 2, 3, 4, 5, 1 (D) 3, 1, 2, 5, 4

064. મૌર્ય વંશ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો : **ANSWER-D**

(1) ચંદ્રગુપ્ત મૌર્ય મૌર્ય વંશનો સ્થાપક હતો.

(2) બિંદુસાર આ વંશનો રાજા હતો.

(3) અશોક આ વંશનો રાજા હતો.

(4) કલિંગ યુધ્ધે અશોકનું હૃદય પરિવર્તન કર્યુ.

મૌર્ય વંશ વિશેના ઉપરનાં વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

065. ખેતીના પાકો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો : **ANSWER-B**

(1) ગુજરાતમાં ચરોતર પ્રદેશ કપાસ ઉત્પાદન માટે જાણીતો છે.

(2) ગુજરાતમાં ભાલ પ્રદેશ ઘઉંના ઉત્પાદન માટે જાણીતો છે.

(3) બાજરીના પાક માટે ઓછો વરસાદ જોઈએ.

(4) ઘઉંનો પાક રવિ પાક છે.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2, 3 અને 4

066. ભારતમાં માન્ય વિરોધ પક્ષ થવા માટે લોકસભામાં કેટલું સંખ્યાબળ જોઈએ ? **ANSWER-B**

(A) 5%
(B) 10%
(C) 15%
(D) ઉપરમાંથી એકપણ નહીં

067. રાજ્ય સભાના અધ્યક્ષ તરીકે કોણ કામ કરે છે ? **ANSWER-B**

(A) રાષ્ટ્રપતિ
(B) ઉપ રાષ્ટ્રપતિ
(C) લોકસભાના સ્પીકર
(D) વિધાનસભાના સ્પીકર

068. કોઈપણ પ્રકારના ઔપચારિક શિક્ષણ વગર જન્મજાત ક્રિયાઓને કેવું વર્તન કહે છે ? **ANSWER-A**

(A) સાહજિક વર્તન
(B) અનુકરણાત્મક વર્તન
(C) સામાજિક વર્તન
(D) ગેરવર્તન

069. વિદ્યુત પ્રવાહને કયા એકમમાં માપવામાં આવે છે ? **ANSWER-D**

(A) વૉલ્ટ
(B) વૉટ
(C) ઑહ્‌મ
(D) એમ્પિયર

070. નીચેનામાંથી કઈ વસ્તુ જૈવવિઘટનીય છે ? **ANSWER-C**

(1) લાકડું
(2) પ્લાસ્ટિક
(3) ઉન
(4) ટીન, એલ્યુમિનિયમ અને ધાતુનાં કેન

નીચેના પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 3 અને 4
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 2 અને 4

071. ખાતરની 50 કિલોની થેલી પર સરકાર 60 રૂા. સબસીડી આપે છે. સરકાર વર્ષે કુલ 7 લાખ ટન ખાતર ઉપર સબસીડી આપે છે તો સરકારને વર્ષમાં સબસીડી પાછળ કુલ કેટલા રૂપિયા ખર્ચ થશે ? **ANSWER-D**

(A) 4.2 કરોડ
(B) 8.4 કરોડ
(C) 10.2 કરોડ
(D) ઉપરમાંથી એકપણ નહીં

072. 2022નો શિયાળુ ઓલિમ્પિક કયા દેશમાં યોજાઈ ગયો ? **ANSWER-C**

(A) જર્મની
(B) જાપાન
(C) ચીન
(D) યુ.એસ.એ.

073. ભારતમાં આવેલ વિદેશી પ્રવાસી/રાજદૂતના નીચેના નામો ધ્યાને લો : **ANSWER-D**

(1) ફાહિયાન

(2) હ્યુ-એન-ત્સાંગ

(3) મેગેસ્થનિસ

તેઓના આગમનના કાળક્રમ મુજબ ગોઠવતાં નીચેના પૈકી કયો જવાબ સાચો છે ?

(A) 1, 2, 3
(B) 2, 3, 1
(C) 1, 3, 2
(D) 3, 1, 2

074. ભારતીય ઈતિહાસ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો : **ANSWER-D**

(1) મૌર્ય વંશની રાજધાની પાટલીપુત્ર હતી.

(2) ગુપ્ત વંશની રાજધાની પાટલીપુત્ર હતી.

(3) આર્ય ભટ્ટ અને વરાહમિહિર ગુપ્ત કાળમાં થયાં.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

075. નીચેનાં વિધાનો ધ્યાને લો : **ANSWER-D**

(1) ગ્રિનીચ રેખા ઇંગ્લેન્ડના ગ્રિનિચ શહેરમાંથી પસાર થાય છે.

(2) કર્કવૃત્ત અમદાવાદ પાસેથી પસાર થાય છે.

(3) આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા વાંકીચૂકી છે.

ઉપરનાં વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

076. પંચાયતી રાજ અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો : **ANSWER-B**

(1) ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ અમલમાં છે.

(2) ગુજરાતમાં સરપંચની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે.

(3) ગુજરાતમાં તાલુકા/જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણી પરોક્ષ રીતે કરવામાં આવે છે.

(4) ગુજરાતનાં શહેરોમાં મેયરની ચૂંટણી પરોક્ષ રીતે કરવામાં આવે છે.

ઉપરનાં વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

077. ભારતના બંધારણમાં કલ્યાણ રાજ્યોનો ખ્યાલ શામાં દર્શાવેલ છે ? **ANSWER-D**

(A) આમુખ
(B) મૂળભૂત અધિકારો
(C) મૂળભૂત ફરજો
(D) રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો

078. સામાજિક રીત-રિવાજો, મૂલ્યો, રહેણીકરણી અને વિચારસરણી આત્મસાત કરવાની પ્રક્રિયાને શું કહે છે ? ANSWER-B

(A) સમાજ અભિમુખતા
(B) સામાજિકરણ
(C) પૂર્વગ્રહ
(D) મનોવલણ

079. કયું વિટામીન જલદ્રાવ્ય છે ? ANSWER-B

(1) વિટામીન A
(2) વિટામીન B
(3) વિટામીન C
(4) વિટામીન D
(5) વિટામીન E
(6) વિટામીન K

નીચેનામાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 3, 4 અને 5
(D) ફક્ત 1, 4, 5 અને 6

080. નીચેનામાંથી કઈ બાબતો મિથેન નામના ગ્રીનહાઉસ ગૅસનો સ્રોત છે ? ANSWER-C

(1) ડાંગરનાં ખેતરો
(2) પાલતુ પ્રાણીઓ
(3) કોલસાનું ખનન

નીચેનામાંથી સાચો જવાબ પસંદ કરો.

(A) ફક્ત 3
(B) ફક્ત 1 અને 2
(C) 1, 2 અને 3
(D) ઉપરમાંથી એકપણ નહીં

081. એક કાર પ્રથમ 350 કિ.મી. અંતર 70 કિ.મી. પ્રતિ કલાક, બીજા 400 કિ.મી. 80 કિ.મી. પ્રતિ કલાક તથા ત્રીજા 600 કિ.મી. 60 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે કાપે છે તો સમગ્ર અંતર તેણે કેટલા કિ.મી./કલાકની ઝડપે કાપ્યુ હશે ? ANSWER-A

(A) 67.5
(B) 68.5
(C) 69.5
(D) ઉપરમાંથી એકપણ નહીં

082. ફેબ્રુઆરી-માર્ચ 2022માં ભારતમાં નીચેના પૈકી કયા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાએલ હતી ? ANSWER-C

(A) મિઝોરમ, ઉત્તર પ્રદેશ, ગોવા, પંજાબ
(B) મણિપુર, મિઝોરમ, ગોવા, પંજાબ
(C) ઉત્તર પ્રદેશ, ગોવા, મણિપુર, પંજાબ
(D) ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, પંજાબ, ગોવા, મેઘાલય

083. S400 શું છે ? ANSWER-C

(A) અમેરિકા દ્વારા ભારતને આપવામાં આવેલ લોંગ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ
(B) અમેરિકા દ્વારા ભારતને આપવામાં આવેલ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ
(C) રશિયા દ્વારા ભારતને આપવામાં આવેલ લોંગ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ
(D) રશિયા દ્વારા ભારતને આપવામાં આવેલ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ

084. કોંગ્રેસના લાહોર અધિવેશનમાં 'પૂર્ણ સ્વરાજ'નો ઠરાવ કરવામાં આવેલ. આ અધિવેશનના અધ્યક્ષ કોણ હતા ?
ANSWER-C

(A) મહાત્મા ગાંધી (B) સરદાર પટેલ
(C) જવાહરલાલ નહેરૂ (D) મોતીલાલ નહેરૂ

085. ખેતીના પાક વિશે નીચેના વિધાનો ધ્યાને લો : ANSWER-B

(1) આ પાકને હળવો વરસાદ અનુકૂળ છે.
(2) આ પાકને તૈયાર થતા 6 થી 8 માસ જેટલો સમય લાગે છે.
(3) આ પાકને કાળી જમીન અનુકૂળ આવે છે.
(4) આ પાક તૈયાર થાય ત્યારે આકાશ ચોખ્ખુ હોવું જોઈએ.

પાક વિશેના ઉપરનાં વિધાનો કયા પાકને લગતાં છે ?

(A) મગફળી (B) કપાસ
(C) ડાંગર (D) ઘઉં

086. પર્વતો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો : ANSWER-A

(1) હિમાલય ગેડ પર્વત છે.
(2) ઈટાલીનો વિસુવિયસ જ્વાળામુખી પર્વત છે.

ઉપરનાં વિધાનો વિશે નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) બંને વિધાનો સાચાં છે.
(B) બંને વિધાનો ખોટાં છે.
(C) ફક્ત વિધાન 1 સાચું છે.
(D) ફક્ત વિધાન 2 સાચું છે.

087. રાજ્યની વડી અદાલતના ન્યાયમૂર્તિની નિમણૂક કોણ કરે છે ? ANSWER-D

(A) મુખ્યમંત્રી (B) રાજ્યપાલ
(C) વડાપ્રધાન (D) રાષ્ટ્રપતિ

088. દક્ષિણ એશિયાઈ ક્ષેત્રીય સંગઠન (SAARC - સાર્ક) અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો : ANSWER-B

(1) સાર્કનું વડુ મથક દિલ્હીમાં છે.
(2) ચીન સાર્કનું સભ્ય છે.
(3) અફઘાનિસ્તાન સાર્કનું સભ્ય છે.
(4) સાર્કમાં કુલ આઠ સભ્યો છે.

ઉપરમાંથી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

089. નીચેના કાયદાઓ ધ્યાને લો : **ANSWER-B**

(1) ભારતીય દંડ સંહિતા

(2) ભારતીય પુરાવા ધારો

(3) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ

ઉપરોક્ત કાયદાઓ પૈકી કયા કાયદામાં ગુનાની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1
(C) ફક્ત 2
(D) ફક્ત 3

090. જોડકાં જોડો : **ANSWER-C**

| એસિડ | સ્રોત |
|---|---|
| P. લૅક્ટિક એસિડ | 1. પાલક |
| Q. એસિટિક એસિડ | 2. દહીં |
| R. ઓક્ઝેલિક એસિડ | 3. નારંગી |
| S. સાઈટ્રિક એસિડ | 4. વિનેગર |

નીચેના જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) P - 2, Q - 4, R - 3, S - 1
(B) P - 4, Q - 2, R - 1, S - 3
(C) P - 2, Q - 4, R - 1, S - 3
(D) P - 4, Q - 1, R - 2, S - 3

091. એક વ્યક્તિ ઉત્તર દિશામાં 6 કિ.મી. ચાલે છે. ત્યાંથી વળી પૂર્વ દિશામાં 8 કિ.મી. ચાલે છે તો તેણે પોતાના શરૂઆતના બિંદુથી સીધી રેખામાં કેટલુ અંતર કાપ્યુ હશે ? **ANSWER-D**

(A) 6 કિ.મી.
(B) 8 કિ.મી.
(C) 14 કિ.મી.
(D) ઉપરમાંથી એકપણ નહીં

092. યુક્રેનની સરહદે નીચેના પૈકી કયા દેશો આવેલા છે ? **ANSWER-C**

(A) રશિયા, પોલેન્ડ, બેલારૂસ, એસ્ટોનિયા
(B) પોલેન્ડ, હંગેરી, રશિયા, રોમાનિયા, લાતિવિયા
(C) રશિયા, બેલારૂસ, હંગેરી, પોલેન્ડ, રોમાનીયા
(D) રશિયા, બેલારૂસ, પોલેન્ડ, રોમાનિયા, સ્લોવાકિયા, જ્યોર્જિયા

093. જૈન ધર્મ વિશે નીચેના વિધાનો ધ્યાને લો. **QUESTION CANCELLED**

(1) જૈન ધર્મના પ્રથમ તિર્થંકર મહાવીર સ્વામી હતા.

(2) જૈન ધર્મના પ્રથમ તિર્થંકર વૃષભદેવ હતા.

(3) જૈન ધર્મના 21મા તિર્થંકર નેમીનાથ હતા.

(4) જૈન ધર્મના 23મા તિર્થંકર પાર્શ્વનાથ હતા.

ઉપરોક્ત પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 3 અને 4
(D) ફક્ત 2, 3 અને 4





PariksaPath

094. ભારતની ચિત્રકલા વિશે નીચેનાં જોડકાં ધ્યાને લો : **ANSWER-B**

(1) ભીબેટકાનાં ગુફાચિત્રો – મધ્યપ્રદેશ

(2) અજંતાનાં ગુફાચિત્રો – મહારાષ્ટ્ર

(3) બાદામીનાં ગુફાચિત્રો – કર્ણાટકા

(4) કાંચીપુરમનાં ગુફામંદિરનાં ચિત્રો – આંધ્રપ્રદેશ

ઉપરનાં પૈકી કયાં જોડકાં સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

095. ટપક સિંચાઈ પધ્ધતિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો : **ANSWER-C**

(1) આ સૂક્ષ્મ પિયત પધ્ધતિનો એક પ્રકાર છે.

(2) બે હરોળ વચ્ચે જગ્યા ધરાવતા પાકોમાં આ પધ્ધતિ વધુ અનુકૂળ આવે છે.

(3) ફળ ઝાડ માટે આ પધ્ધતિ ઘણી ઉપયોગી છે.

(4) આ પધ્ધતિથી પાણીની બચત થાય છે.

(5) પરંપરાગત પિયત પધ્ધતિની સરખામણીમાં આ પધ્ધતિથી જમીનની ખારાશ વધે છે.

ટપક સિંચાઈ પધ્ધતિ વિશે ઉપરનાં વિધાનો પૈકી કયા વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2, 4 અને 5
(B) ફક્ત 1, 3, 4 અને 5
(C) ફક્ત 1, 2, 3 અને 4
(D) 1, 2, 3, 4 અને 5

096. ભારતીય સંસદ વિશે નીચેના વિધાનો ધ્યાને લો : **ANSWER-A**

(1) લોકસભાના સભ્ય થવા માટે લઘુત્તમ વય મર્યાદા 25 વર્ષ છે.

(2) રાજ્ય સભાના સભ્ય થવા માટે લઘુત્તમ વય મર્યાદા 30 વર્ષ છે.

(3) લોકસભાની ચૂંટણી દર 5 વર્ષે થાય છે.

(4) રાજ્ય સભાની ચૂંટણી દર 6 વર્ષે થાય છે.

(5) રાજ્ય સભા કાયમી ગૃહ છે.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2, 3 અને 5
(B) ફક્ત 1, 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 5
(D) ફક્ત 2, 3 અને 5

097. નીચેનામાંથી કયો અધિકાર મૂળભૂત અધિકાર નથી ? **ANSWER-D**

(A) સમાનતાનો અધિકાર
(B) સ્વતંત્રતાનો અધિકાર
(C) ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર
(D) મિલકતનો અધિકાર

098. સંયુક્ત રાષ્ટ્રની સલામતી સમિતિમાં કાયમી સભ્યોમાં નીચેના પૈકી કયા દેશોનો સમાવેશ થાય છે ? **ANSWER-B**

(A) ભારત, ચીન, યુ.એસ.એ., રશિયા

(B) ચીન, યુ.એસ.એ., રશિયા, ફ્રાન્સ, યુ.કે.

(C) યુ.એસ.એ., યુ.કે., ચીન, રશિયા, જર્મની

(D) યુ.એસ.એ., યુ.કે., ચીન, રશિયા, જાપાન

099. પોલીસ અધિકારના ગુનાની માહિતી (ફરીયાદ) નોંધાવવા અંગે નીચેના વિધાનો ધ્યાને લો : **ANSWER-B**

(1) કોઈપણ વ્યક્તિ પોલીસ અધિકારના ગુનાની માહિતી (ફરિયાદ) નોંધાવવા માટે પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારી પાસે જાય તો તે માહિતી (ફરિયાદ) નોંધવી ફરજિયાત છે.

(2) કોઈપણ વ્યક્તિ પોલીસ અધિકારના ગુનાની માહિતી (ફરિયાદ) નોંધાવવા માટે પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારી પાસે જાય તો તે માહિતી (ફરિયાદ) નોંધવી કે કેમ તે પોલીસ અધિકારીની મરજી ઉપર આધારીત છે.

(3) જો કોઈ મહિલા પોતાની વિરૂધ્ધ થયેલ છેડતી કે બળાત્કારની ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશન જાય તો તેની ફરિયાદ મહિલા પોલીસ અધિકારી દ્વારા નોંધવી જોઈશે.

(4) જો પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવનાર અધિકારી દ્વારા ફરિયાદ નોંધવાની ના પાડવામાં આવે તો તે માહિતી (ફરિયાદ) આપનાર વ્યક્તિ આ માહિતી (ફરિયાદ) લેખિતમાં ટપાલથી પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટને મોકલી શકે.

પોલીસ અધિકારના ગુનાની માહિતી (ફરિયાદ) નોંધવા અંગે ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

100. જોડકાં જોડો : **ANSWER-D**

| <u>પ્રાણી</u> | <u>શ્વસન અંગ</u> |
|---|---|
| P. વંદો | 1. ઝાલરો |
| Q. માછલી | 2. શ્વસન નળી |
| R. દેડકો | 3. ફેફસાં |
| S. માણસ | 4. ચામડી |

નીચેના જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) P - 4, Q - 2, R - 1, S - 3

(B) P - 2, Q - 4, R - 1, S - 3

(C) P - 1, Q - 4, R - 2, S - 3

(D) P - 2, Q - 1, R - 4, S - 3

**SPACE FOR ROUGH WORK**

PariksaPath

**SPACE FOR ROUGH WORK**

PariksaPath